બક્ષીપંચ કુમાર છાત્રાલય, મુ.બિલેશ્વર, તા.રાણાવાવ, જિ.પોરબંદરને મુ.તા.રાણાવાવ ખાતે ખાસ કિસ્સામાં સ્થળફેર કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ SJED/mis/e-file/17/2024/1338/A-1 Section

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૦૧/૦૮/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/EAA/e-file/17/2023/1971/A-1

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૦/૦૭/૨૦૨૪નો પત્ર ક્રમાંક:વિજાક/બિલેશ્વર/ ૨૦૨૪-૨૫/૧૦૮

આમુખ:-

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૦૧/૦૮/૨૦૨૩ના ઠરાવથી વિભાગ હેઠળના વિકસતિ જાતિ કલ્યાણ/ અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તક કાર્યરત ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયો માટે સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી વિવિધ રજૂઆતો બાબતે સ્પષ્ટ સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. ઉક્ત ઠરાવના મુદ્દા (D) મા જણાવ્યા મુજબ જો છાત્રાલયનું નવું મકાન હાલના મકાન/સ્થળની ૧૦ (દસ) કી.મી.ની ત્રિજ્યાના વિસ્તારમાં આવતું હોય તો, સ્થળ ફેરફારની દરખાસ્ત મંજૂર કરનાર સત્તાધિકારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ રહેશે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૧૦/૦૭/૨૦૨૪ના પત્રથી વિકસતી જાતિ કુમાર છાત્રાલય મુ.બિલેશ્વર, તા.રાણાવાવ, જિ. પોરબંદર ખાતેથી ૧૨.૪ કિ.મી. દૂર આવેલ મુ.તા. રાણાવાવ, જિ. પોરબંદર ખાતે ખાસ કિસ્સામાં સ્થળફેર કરવા દરખાસ્ત કરેલ છે. જે બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે, રાણાવાવ તાલુકો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ઘનિષ્ઠ વસ્તી ધરાવતો તાલુકો હોઇ, વિદ્યાર્થીઓના હિતમાં પૂર્વ દ્રષ્ટાંત નહિ ગણવાની શરતે ખાસ કિસ્સામાં શ્રી માલધારી આદિવાસી સર્વાંગી વિકાસ ટ્રસ્ટ, મુ.કાઢિયાનેશ સંચાલિત બક્ષીપંચ કુમાર છાત્રાલયને મુ.બિલેશ્વર, તા.રાણાવાવ, જિ. પોરબંદર ખાતેથી મુ.તા. રાણાવાવ, જિ. પોરબંદર ખાતે સ્થળફેર માટેની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી (સા,ન્યા.)ની તા.૨૩/૦૭/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અનુવયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KETANKUMAR ADHELABHAI DAMOR
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 01-Aug-2024 (03:24 PM)

(કેતન ડામોર)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ગુજરાત સરકાર

નકલ રવાનાઃ-

1. માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
2. માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
3. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
5. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
6. જિલ્લા તિજોરી અધિકારીશ્રી,પોરબંદર
7. નાયબ નિયામકશ્રી(વિ.જા.ક.)/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, પોરબંદર [નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત]
8. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
9. સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

10. સિલેક્ટ ફાઈલ